# ગુજરાત જાહેર સેવા આયોગ

ભારત સરકાર દ્વારા આર્થિક રીતે નબળા વર્ગોના નાગરીકો/વ્યક્તિઓ માટે સેવા/જગ્યાઓ પર નિમણૂંકોમાં ૧૦% જગ્યાઓ અનામતની જોગવાઈ અન્વયે ગુજરાત સરકારે તા:૧૪/૦૧/૨૦૧૯ના રોજ જે ભરતી પ્રસંગોમાં ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કાની કાર્યવાહી શરૂ ના થઇ હોય તેવી તમામ જાહેરાતોમાં ૧૦% આર્થિક અનામત લાગુ કરવાનો નિર્ણય કર્યો છે જેથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા અગાઉ પ્રસિધ્ધ કરેલ ભરતી જાહેરાતો પૈકી **જા.ક્ર. ૪૯,૫૧,૭૯,૮૦,૮૧,૮૩,૮૫,૮૬,૮૭,૮૮,૮૯,૯૦,૯૧,૯૨,૯૩,૯૪,૯૭,૯૮,૧૦૦,૧૦૩,૧૦૪,૧૦૫,૧૦૬,૧૦૭,૧૧૧,૧૧૨,૧૧૩/૨૦૧૮-૧૯ માટે તારીખ-૧૮/૦૩/૨૦૧૯ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૧૮/૦૪/૨૦૧૯ (૧૩:૦૦ કલાક)** સુધી સુધારેલ જાહેરાત Online **અરજી માટે** Reopen **કરવામાં આવે છે** છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ** https://gpsc.gujarat.gov.in/ **અને** https://gpsc-ojas.gujarat.gov.in **ઉપર જોવા વિનંતી છે.** જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | આ.ન.વ. (EWS) | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૪૯ | મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ (ન. જ.પા. પુ. ક. વિભાગ) | ૨૧ | ૦૯ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૮ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૨૩-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવે.-૧૯ |
| ૫૧ | સંશોધન અધિકારી, ગુજરાત આંકડાકીય સેવા, વર્ગ-૨ | ૨૩ | ૦૮ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૨૩-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવે.-૧૯ |
| ૭૯ | મદદનીશ ઈજનેર(સિવિલ), વર્ગ-૨ (માર્ગ અને મકાન વિભાગ) | ૨૮૫ | ૧૫૫ | ૨૮ | ૫૨ | ૧૩ | ૩૭ | ૫૧ | ૦૯ | ૧૭ | ૦૪ | ૧૨ | ૧૩ | ૦૭ | ૨૩-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | ડીસે.-૧૯ |
| ૮૦ | રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ | ૪૨૪ | ૧૭૬ | ૪૨ | ૧૧૪ | ૨૯ | ૬૩ | ૫૮ | ૧૩ | ૩૭ | ૦૯ | ૨૦ | ૧૮ | ૪૨ | ૦૯-૦૬-૧૯ મુખ્ય પરીક્ષા ૧૭, ૨૪ નવેમ્બર-૧૯ | ઓગષ્ટ-૧૯ | - |
| | **સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજો ખાતે વિવિધ વિષયોના મદદનીશ પ્રાધ્યાપક (ગુ.શિ.સે.) વર્ગ-૨(જા.ક્ર. ૮૧,૮૩,૮૫,૮૬,૮૭,૮૮,૮૯,૯૦,૯૧,૯૨,૯૩,૯૪,૯૭,૯૮)** | | | | | | | | | | | | | | | | |
| ૮૧ | ઈતિહાસ | ૨૭ | ૧૨ | ૦૨ | ૦૮ | ૦૨ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧-૦૯-૧૯ | નવે.-૧૯ | ફેબ્રુ.-૨૦ |
| ૮૩ | વનસ્પતિશાસ્ત્ર | ૧૩ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | જાન્યુ.-૨૦ |
| ૮૫ | એકાઉન્ટન્સી | ૧૫ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૬ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧-૦૯-૧૯ | નવે.-૧૯ | ફેબ્રુ.-૨૦ |
| ૮૬ | ગુજરાતી | ૩૪ | ૧૪ | ૦૩ | ૦૮ | ૦૩ | ૦૬ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૮-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | માર્ચ.-૨૦ |
| ૮૭ | ગણિતશાસ્ત્ર | ૧૦ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧-૦૯-૧૯ | નવે.-૧૯ | ફેબ્રુ.-૨૦ |
| ૮૮ | સમાજશાસ્ત્ર | ૨૪ | ૧૨ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | જાન્યુ.-૨૦ |
| ૮૯ | અંગ્રેજી | ૩૮ | ૧૭ | ૦૩ | ૦૯ | ૦૩ | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૪-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | માર્ચ.-૨૦ |
| ૯૦ | ભૌતિકશાસ્ત્ર | ૨૨ | ૦૭ | ૦૨ | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | માર્ચ.-૨૦ |
| ૯૧ | અર્થશાસ્ત્ર | ૧૮ | ૧૦ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮-૦૯-૧૯ | નવે.-૧૯ | માર્ચ.-૨૦ |
| ૯૨ | વાણિજ્યશાસ્ત્ર | ૧૪ | ૦૬ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૮-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | ડીસે.-૧૯ |
| ૯૩ | રસાયણશાસ્ત્ર | ૩૧ | ૧૦ | ૦૩ | ૧૫ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮-૦૯-૧૯ | નવે.-૧૯ | માર્ચ.-૨૦ |
| ૯૪ | રાજ્યશાસ્ત્ર | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧-૦૯-૧૯ | નવે.-૧૯ | જાન્યુ.-૨૦ |
| ૯૭ | તત્વજ્ઞાન | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪-૦૮-૧૯ | ઓક્ટો-૧૯ | ડીસે.-૧૯ |
| ૯૮ | મનોવિજ્ઞાન | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮-૦૯-૧૯ | નવે.-૧૯ | જાન્યુ.-૨૦ |
| ૧૦૦ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૨૫ | ૧૩ | ૦૨ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૨૧-૦૭-૧૯ | સપ્ટે.-૧૯ | - |

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦૩ | માઇક્રોબાયોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | | ૧૮ | ૦૭ | ૦૨ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | ઓક્ટો-૧૯ |
| ૧૦૪ | પેથોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | | ૧૬ | ૦૬ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | ઓક્ટો-૧૯ |
| ૧૦૫ | ઇ.એન.ટી સર્જન, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | | ૨૪ | ૧૦ | ૦૨ | ૦૮ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | ઓક્ટો-૧૯ |
| ૧૦૬ | રેડીયોલોજીસ્ટ, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | | ૪૯ | ૨૨ | ૦૫ | ૧૪ | ૦૨ | ૦૬ | ૦૭ | ૦૨ | ૦૪ | - | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવે.-૧૯ |
| ૧૦૭ | મનોચિકિત્સક, વર્ગ-૧ (તજજ્ઞ સેવા) | | ૨૭ | ૧૧ | ૦૩ | ૦૮ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૨ | - | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | નવે.-૧૯ |
| ૧૧૧ | ખેતી અધિકારી, વર્ગ-૨ | | ૧૦૧ | ૪૧ | ૧૦ | ૨૬ | ૦૭ | ૧૭ | ૧૩ | ૦૩ | ૦૯ | ૦૨ | ૦૬ | ૦૪ | ૦૧ | ૨૩-૦૬-૧૯ | ઓગષ્ટ-૧૯ | જાન્યુ.-૨૦ |
| ૧૧૨ | પોલીસ ઈન્સ્પેક્ટર (બિન-હથિયારી), વર્ગ-૨ | | ૬૦ | ૨૫ | ૦૬ | ૧૬ | ૦૪ | ૦૯ | ૦૮ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૩૦-૦૬-૧૯ મુખ્ય પરીક્ષા ૧૮,૧૯ જાન્યુ-૨૦ | ઓગષ્ટ-૧૯ મુખ્ય પરીક્ષા પરિણામનો સંભવિત માસ એપ્રિલ-૨૦ | મે-૨૦ |
| ૧૧૩ | ગુજરાત ઈજનેર સેવા (સિવિલ), વર્ગ-૧ અને વર્ગ-૨, માર્ગ અને મકાન વિભાગ | વર્ગ-૧=૧૧ | ૧૧ | ૦૫ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪-૦૮-૧૯ મુખ્ય પરીક્ષા ૧૫,૨૨,૨૯ ડિસેમ્બર-૧૯ | ઓક્ટો-૧૯ મુખ્ય પરીક્ષા પરિણામનો સંભવિત માસ માર્ચ-૨૦ | એપ્રિલ-૨૦ |
| | | વર્ગ-૨=૩૮ | ૩૮ | ૧૭ | ૦૩ | ૧૦ | ૦૨ | ૦૬ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૧ | | | |

<u>નોંધ:-</u>

(૧) **અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ સામાન્ય કેટેગરી ના જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગ માટે અનામતનો લાભ મળવાપાત્ર હોય તેમણે જે તે જાહેરાત અન્વયે પુન:EWS Category હેઠળ અરજી કરવાની રહેશે.**

(૨) **અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરેલ સામાન્ય કેટેગરી અને અનામત કેટેગરીના ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહિ.** પરંતુ, અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી કરવાનું ચૂકી ગયેલ છે તેવાં **તમામ કેટેગરીના** ઉમેદવારો સુધારેલ જાહેરાત અન્વયે અરજી કરી શકશે.

(૩) ઉપલી વયમર્યાદા માટે અગાઉ પ્રસિધ્ધ કરેલ મૂળ જાહેરાતમાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે. જ્યારે શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે સુધારેલ જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ધ્યાને લેવામાં આવશે.

(૪) અગાઉ પ્રસિધ્ધ કરેલ જાહેરાત ક્રમાંક:૪૭, ૪૮, ૫૬ થી ૭૦, ૭૨,૭૩,૭૮, ૮૪,૯૫,૯૬, ,૧૦૧,૧૦૨ ,૧૦૮ થી ૧૧૦ અને ૧૧૪ થી ૧૨૬ અન્વયે કોઈ પણ જ્ગ્યા આર્થિક રીતે નબળા વર્ગોના ફાળે જતી ન હોઈ,આ જાહેરાતો Reopen કરવાની રહેતી નથી.આ જાહેરાતોનો પરીક્ષા કાર્યક્રમ આયોગની વેબસાઇટ પર દર્શાવવામાં આવશે.

(૫) શિક્ષણ વિભાગના તા. ૧૩.૦૩.૨૦૧૯ ના પત્રના અનુસંધાને જા.ક્ર. ૮૨/૨૦૧૮-૧૯, મદદનીશ પ્રાધ્યાપક (માઇક્રોબાયોલોજી) અને જા.ક્ર. ૯૯/૧૮-૧૯, મદદનીશ પ્રાધ્યાપક (ભૂસ્તર શાસ્ત્ર) રદ કરવામાં આવે છે.

(૬) **આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પુરૂષ ઉમેદવારને પાંચ વર્ષ અને મહિલા ઉમેદવારને દસ વર્ષની છૂટછાટ ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષથી વધે નહિ તે રીતે મળવાપાત્ર રહેશે.**

(૭) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્ર: ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના(અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્રના નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે.

(૮) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૯) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૧૦) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૧૧) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૧૨) ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-‘A’ (ENGLISH) માન્ય ગણાશે નહીં. મૂળ જાહેરાત અન્વયે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ વર્ષ ૨૦૧૮-૧૯ની હોઇ તા. ૦૧/૦૪/૨૦૧૬ અને ત્યારબાદ ઇશ્યૂ કરવામાં આવેલ NCLC માન્ય ગણવામાં આવશે પરંતુ, આ પ્રમાણપત્ર સુધારેલ જાહેરાતની અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ બાદનું હોવું જોઇએ નહી.

(૧૩) ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તા. ૧૮-૦૪-૨૦૧૯ ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રક્માં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૧૪) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી Online કરેલ અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાતપણે Confirm કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે

તા: ૧૫/૦૩/૨૦૧૯